સમયમર્યાદા/અગત્યનું

ક્રમાંક:ઘ-૨/પે.ફિ./૨૦૨૦/૦૯
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર,તા.૨૨/૦૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત મા.અને ઉ.મા શાળાઓ તમામ,
ભાવનગર જીલ્લો

વિષય:- રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણુંક પામેલ શિક્ષણ સહાયક/વહીવટી સહાયક / સાથી સહાયકોની પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માન્ય ગણવા બાબત.

સંદર્ભ:- ૧. કમિશનરશ્રી શાળાઓની કચેરી,ગાંધીનગરના તા.૨૦/૧/૨૦૨૦ નાં પત્રઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૦/૧૬૪૭-૧૬૮૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૦૨/૦૭/૧૯૯૯ બાદ નિમણુંક પામેલ શિક્ષણ સહાયક/વહીવટી સહાયક / સાથી સહાયકોની પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માન્ય ગણવા બાબતે વડી કચેરી દ્વારા માહિતી માંગેલ હોય સામેલ પત્રક તથા સંદર્ભિત પત્રની સૂચના મુજબની માહિતી હાર્ડ કોપી તથા સોફ્ટ કોપીમાં (શ્રુતિ ફોન્ટમાં) આ કચેરીની પે.ફિક્સેશન શાખામા તા.૨૪/૦૧/૨૦૨૦ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

જીલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

બિડાણ- સંદર્ભિત પત્ર તથા પત્રક

Scanned by CamScanner

## તા.૦૨/૦૭/૧૯૯૯ બાદ નિમણુંક પામેલ શિક્ષણ સહાયક, વહીવટી સહાયક, સાથી સહાયકોની માહિતી દર્શાવતું પત્રક

| ક્રમ | શાળાનું નામ તથા વિભાગ (માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક) | કર્મચારીનું નામ | હોદ્દો (શિક્ષણ સહાયક,/વહીવટી સહાયક/સાથી સહાયક) | તા.૨/૦૭/૯૯ બાદ નિમણુંક પામેલ કર્મચારીની નિમણુંક તારીખ | કોલમ-૫ પૈકી તા.૩૧/૮/૨૦૧૯ના રોજ સેવા બજાવે છે. હા/નાં | તા.૩૧/૦૮/૨૦૧૯ની સ્થિતિએ ફિક્સ પાગરની નોકરીનો સમયગાળો બઢતી,પ્રવતતા,ઉચ્ચતર પાંગર ધોરણ અને નિવૃત્તિ સમયે મળવાપાત્ર લાભો આપવાથી થનાર નાણાકીય ભારણની વિગતો(રૂપીયમાં દર્શાવવી) | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | બઢતીના કારણે મળવાપાત્ર થતા વધારાના લાભોની ગણતરી | નિવૃત્તિ સમયે મળવાપાત્ર થતા વધારાના લાભોની ગણતરી | ઉચ્ચતર પાંગર ધોરણ સમયે મળવાપાત્ર થતા વધારાના લાભોની ગણતરી | કુલ નાણાકીય ભારણની વિગતો |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

સંસ્થાના વડાના સહી/ સિક્કા

નોંધ:- ૧. તા.૦૨/૦૭/૯૯ પછી શિક્ષણ સહાયક/વહીવટી સહાયક/સાથી સહાયક તરીકે નિમણુંક પામેલ હોય અને તા.૩૧/૮/૨૦૧૯ના રોજ સેવા બજાવતા હોય તેવા કર્મચારી વિગતો મોકલી આપવી

૨. તા.૦૨/૦૭/૯૯ નાં સમયગાળા બાદ તમામ ફિક્સ પગારની સેવાઓના સમયગાળા માટે કોઈપણ પ્રકારના ઇજાફા નોશનલ હેતુ માટે પણ ધ્યાને લેવાના રહેશે નહિ.

Scanned by CamScanner

ક્રમાંક: ૫/માધ્ય/ અનદ-૧/૨૦૨૦/ ૧૬૪૭ - ૧૬૮૦

કમિશનર શાળાઓની કચેરી,
બ્લૉક નં. ૯/૧, ડૉ. જી.એમ. ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. ૨૦/૦૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ

વિષય:- રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકશાળાઓમાં નિમણૂંક પામેલ શિક્ષણ સહાયકો/વહીવટી સહાયકો/સાથી સહાયકોની પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણતેમજ નિવૃત્તી વિષયક લાભો માન્ય ગણવા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૯/૭૪૧(૨)/ગ તા.૦૨/૦૭/૯૯
(૨) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તા.૧૬/૦૨/૦૬
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૦૬/૧૪૨૨/ગ તા.૨૮/૦૧/૦૮
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૧૦/૧૨૨૫/ગ તા.૨૫/૧૦/૧૦
(૫) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧ તા.૧૮/૦૧/૧૭
(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૫/૨૨/ગ તા.૧૭/૧૦/૧૭
(૭) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૭/સીંગલ ફાઈલ/૫/ક તા.૦૮/૦૩/૧૯
(૮) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: બમશ/૧૧૧૯/૧૩૪૬/ગ તા.૧૩/૧૨/૧૯

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક/વહીવટી સહાયક અને સાથી સહાયકની ફિક્સ પગારથી ભરતી કરવાની યોજનાનો અમલ કરવામાં આવેલ છે.

પ્રથમ તબક્કે શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૯૯ ના ઠરાવથી નીચે મુજબ ફિક્સ પગાર નિયત થયેલ હતા.

- શિક્ષણ સહાયક માધ્યમિક વિભાગ – રૂા. ૪૦૦૦
- શિક્ષણ સહાયક ઉચ્ચતર માધ્યમિક વિભાગ – રૂા. ૪૫૦૦
- વહીવટી સહાયક – રૂા. ૨૫૦૦
- સાથી સહાયક - રૂા. ૧૫૦૦

ત્યારબાદ નાણા વિભાગના તા.૧૬/૦૨/૦૬ તથા વખતોવખત થયેલ ઠરાવોની જોગવાઈઓ અનુસાર ફિક્સ પગારમા જે વધારો કરવામાં આવેલ છે તેનો લાભ રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકોને ફિક્સ પગારમાં વખતોવખત વધારો કરી લાભ આપવામાં આવેલ છે. નાણાં વિભાગના તા.૧૮/૦૧/૧૭ના ઠરાવ થી નીચે મુજબ જોગવાઈ થયેલ છે.

નાણા વિભાગના તા.૧૬/૦૨/૦૬ની નીતિ હેઠળ નિમણૂક પામેલ ફિક્સ પગારના કર્મચારીઓની આ ૦૫ વર્ષની સેવાઓને બઢતી,પ્રવરતા,ઉચ્ચતર પગાર ધોરણતેમજ નિવૃત્તી સમયે નિવૃતી વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવા અંગે કટલુ નાણાકીય ભારણ થાય તેમ છે તેની ફિક્સ પગારના તમામ સંવર્ગની વિગતો નીચે જણાવેલ પત્રકમાં દિન- ૦૫માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

Pay fixation 21/1/2020

78 / Email 22/1/2020